# કોણ છે આ રવીન્દ્રનાથ?

(એક રવીન્દ્રભાવુકનો વિચાર-વિહાર)

લગભગ બધા જ ભારતીયોની જેમ મેં પણ બાળપણથી રવીન્દ્રનાથનું નામ સાંભળ્યું હતું. મેં સાંભળ્યું હતું કે તે 'ગીતાંજલિ'ના કવિ હતા અને નોબેલ પુરસ્કારથી સન્માનિત પ્રથમ ભારતીય હતા, ભારતીય રાષ્ટ્રગીતના રચયિતા અને અમારા ગુજરાતી પાઠ્યપુસ્તકમાં આવતા કાબુલીવાલાની વાર્તાના લેખક તેમ જ શાંતિનિકેતનના સ્થાપક વગેરે.

વર્ષો બાદ ખબર પડી કે અંગ્રેજી અને બંગાળી ગીતાંજલિ બે એકબીજાથી સાવ જુદાં જ પુસ્તકો છે, બંગલાદેશના રાષ્ટ્રગીતના કવિ પણ રવીન્દ્રનાથ જ છે અને પ્રસિદ્ધ દિગ્દર્શક સત્યજીત રાયે તેમની વાર્તા અને નવલકથા પર આધારિત ચલચિત્રો બનાવ્યાં છે.

મારો રવીન્દ્રસાહિત્ય અને ત્યાર બાદ રવીન્દ્રનાથમાં રસ જાગ્યો તેમની વાર્તા 'વિચારક'માં આવતા એક પ્રચ્છેદથી. શ્રી રમણલાલ સોનીના ગુજરાતી અનુવાદમાં આ વાર્તાનું નામ છે 'જજબાબુ'. તે શબ્દશઃ

*યૌવનને અંતે, શુભ્ર શરદઋતુની પેઠે,*
*એવી એક ગંભીર, શાંત, ગાઢ અને સુંદર વય આવે છે*
*જે જીવનનું ફળ આવવાનો*
*અને ધાન પાકવાનો વખત હોય છે.*
*તે વખતે યૌવનવસંતની ઉદ્દામ ચંચલતા શોભતી નથી.*
*સંસારમાં આપણું ઘર બાંધવાનું*
*ત્યાં સુધીમાં એક રીતે પૂરું થઈ ગયું હોય છે.*
*કંઈ કંઈ શુભ-અશુભે અને સુખદુઃખે જીવનમાં પાકીને*
*અંતરના મનુષ્યને પરિપક્વ કરી દીધો હોય છે.*

આપણી પહોંચ બહારની દુરાશાઓના કલ્પના-લોકમાંથી
બધી ઉદ્‌ભ્રાંત વાસનાઓને પાછી ખેંચીને
આપણી ક્ષુદ્ર શક્તિના ગૃહકારાગારમાં
હવે આપણે તેમનું પ્રતિષ્ઠાપન કરેલું છે.
હવે નૂતન પ્રેમની મુગ્ધ દૃષ્ટિને આકર્ષી શકાતી નથી.
પરંતુ જૂના પરિચિતોમાં
માણસ પહેલાં કરતાંય વધારે પ્રિય થઈ પડે છે.
હવે યૌવનનું લાવણ્ય ધીમે ધીમે કરમાતું ચાલે છે,
પરંતુ વાર્ધક્યવિહીન અંતર-પ્રકૃતિ
લાંબા વખતના સહવાસને લીધે
મોં પર ને આંખોમાં
જાણે વધારે સ્પષ્ટ રૂપે અંકિત થઈ જાય છે;
હાસ્ય, દૃષ્ટિપાત અને કંઠસ્વર
અંદરના મનુષ્ય દ્વારા ઓતપ્રોત થઈ જાય છે.
જે મળ્યું નથી તેની આશા છોડી,
જેઓ જતા રહ્યા છે તેમનો શોક ખતમ કરી,
જેઓ છેતરી ગયા છે તેમને ક્ષમા કરી,
જેઓ નિકટ આવ્યા છે, જેમણે સ્નેહભાવ રાખ્યો છે,
સંસારના શોક, દુઃખ અને વિયોગના વાવંટોળમાં
જે થોડા જણ નિકટ રહ્યા છે,
તેમને છાતીસરસા ખેંચી લઈ,
સુનિશ્ચિત, સુપરિચિત અને સુપરીક્ષિત લોકોના સ્નેહની અંદર
નિરાંતનો માળો બાંધીને
તેમાં જ આપણે તમામ પ્રયત્નો પૂરા કરીએ છીએ
અને તમામ આકાંક્ષાઓની તૃપ્તિ પામીએ છીએ.
યૌવનની એ સ્નિગ્ધ સાંજે,
જીવનના એ શાંતિપર્વમાં પણ
જેને નૂતન સંચય, નૂતન પરિચય
અને નૂતન બંધનની વૃથા આશામાં

*નૂતન પ્રયત્નો પાછળ દોડવું પડે છે,*
*હજી પણ જેની આરામની શય્યા રચાઈ નથી,*
*જેના ગૃહપ્રત્યાવર્તન માટે હજી સંધ્યાદીપ પ્રગટાવાયો નથી,*
*એના જેવી શોચનીય દશા સંસારમાં બીજા કોઈની નથી.*

કોણ જાણે કેમ, પણ મને આ લખાણ એટલું બધું સ્પર્શી ગયું કે મેં તેમની બધી જ વાર્તાઓ, થોડી નવલકથાઓ વગેરે ગુજરાતીમાં વાંચ્યાં. ત્યાર પછી મેં અંગ્રેજી 'ગીતાંજલિ' વાંચવા માંડી. તે વાંચતાં મને તેના સુંદર વિચારો ગુજરાતીમાં વ્યક્ત કરવાની ઈચ્છા થઈ આવી. તેમ કરવાથી એક તો હું આ કાવ્યોના સાનિધ્યમાં વધુ સમય આપી શકતો હતો તેમ જ તેનું સૌંદર્ય અને તાત્પર્ય વધુ સહેલાઈથી માણી શકતો હતો. તેના પછી તેમના બીજા કાવ્યોનો અનુવાદ કરવા માંડ્યો અને તેમનાં અંગ્રેજીમાં લખાયેલા જીવન ચરિત્રો અને ગદ્યસાહિત્ય વાંચ્યાં.

મારા જાણવામાં આવ્યું કે તેમણે 'નૈવેદ્ય'નાં બે કાવ્યોનો અનુવાદ અંગ્રેજી 'ગીતાંજલિ'ના એક કાવ્યમાં કર્યો હતો. મને થયું કે મારે તેમને મૂળ બંગાળીમાં વાંચવા જોઈએ. છાપેલી બંગાળી લિપિ વાંચતાં શીખ્યા પછી મેં તેમના સાહિત્યનો બંગાળીમાંથી અંગ્રેજી તેમ જ ગુજરાતીમાં અનુવાદ કરવા માંડ્યો.

જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ અનુવાદ કરતો ગયો અને સાથે સાથે આશ્ચર્ય પામતો ગયો - તેમના વિપુલ અને વિશાળ સાહિત્યથી, તેમના વૈવિધ્યથી, ભાષા ઉપરના તેમના અજોડ કાબુથી, તેમની કલ્પનાસમૃદ્ધિથી, તેમના અદ્‌ભુત કથાનકથી.

વધુ વાંચતાં હું વધુ ગુંચવાતો - એક જ માણસ આટલું બધું કેવી રીતે લખી શકે, આટલી ઉત્કૃષ્ઠ ગુણવત્તા કેવી રીતે સતત જાળવી શકે, તેમના એક લખાણને થોડી ઉતરતી કક્ષાનું કહેવા માટે તેમના જ બીજા લખાણની સાથે સરખાવવું પડે!

ધીરે ધીરે મને પ્રશ્ન થવા માંડ્યો કે કોણ છે આ રવીન્દ્રનાથ?

મને આજ સુધી તેનો જવાબ મળ્યો નથી. જો કે મેં પણ એક

સાધકની માફક તેનો જવાબ શોધ્યો નથી કે પછી ભવિષ્યમાં પણ તેમ કરવા ધારતો નથી કારણ કે હું તેને માટે સજ્જ નથી તેમ જ તે માટેની ક્ષમતા પણ નથી ધરાવતો. નથી હું ભાષાવિદ્ કે નથી હું પંડિત, હું તો છું માત્ર રવીન્દ્રસાહિત્યનો સામાન્ય રસિક વાચક જે માને છે કે સ્પંદનશીલ અને વિચારક વ્યક્તિને માટે રવીન્દ્રસાહિત્ય ઉજાણી કે લ્હાણી સમાન છે. હવે હું એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે રવીન્દ્રનાથની રચનાઓનું જરૂરથી વધારે અભ્યાસ અને વિશ્લેષણ થયું છે અને તેનાથી આ સાહિત્ય વધારે હૃદયંગમ કે સમજવું સહેલું નથી થયું કે પછી તેનાથી રચનાત્મક પ્રક્રિયા અગર તો તેની પાછળના વ્યક્તિત્વનું ઉદ્‌ઘાટન નથી થતું.

પરંતુ આ સવાલનો મારી પોતાની બિનકેળવાયેલી રીતે જવાબ શોધતાં મને સમજાયું છે કે એ જવાબ કેટલો મુશ્કેલ છે. સાથે સાથે એ જવાબ શોધતાં જે વિચારધારાને હું અનુસર્યો, તેમાંથી મને જે ચિત્રશ્રેણી દેખાઈ તે અહીં પ્રસ્તુત કરવાની ઈચ્છા છે. આ ચિત્રો એકબીજા સાથે બંધબેસતા કે પછી કોઈ એક સૂત્રથી બંધાયેલા નથી. તેમ જ આ પ્રસ્તુતિ પાછળ કોઈ સ્પષ્ટ હેતુ પણ નથી - સિવાય કે તેમાંથી મને મળેલો આનંદ વહેંચવાનો.

કોણ છે આ રવીન્દ્રનાથ?

એમના જીવનનું વિહંગાવલોકન કાંઈ મદદ કરી શકે.[1]

મે ૧૮૬૧માં જ્યારે કલકત્તાના એક પ્રતિષ્ઠિત પરિવારમાં તેમનો જન્મ થયો ત્યારે બંગાળી સમાજ ત્રણ નવા અને સબળ પ્રવાહોની અસર નીચે હતો. ધર્મ, સાહિત્ય અને રાષ્ટ્રીય ભાવનાનું પુનરૂત્થાન. ધર્મના ક્ષેત્રે હિન્દુધર્મની રૂઢિ અને રિવાજોના દુષણની સામે પુનરૂત્થાનના પ્રયત્નો બ્રહ્મોસમાજની સ્થાપનામાં પરિણમ્યાં હતાં. બંગાળી સાહિત્યના ક્ષેત્રે કાવ્યમાં

1 *અન્ય આધાર ન સૂચવ્યો હોય ત્યાં સમય અને વિગતોનો આધાર છે: રવીન્દ્રનાથ ટાગોર: એ બાયોગ્રાફી, કૃષ્ણ કૃપલાની, વિશ્વ ભારતી, કલકત્તા, બીજી આવૃત્તિ, ૧૯૮૦.*

‘મેઘનાદવધ’ કાવ્યથી માઈકલ મધુસુદન દત્ત અને નવલકથાના ક્ષેત્રે બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય એક આગવો માર્ગ ખેડી રહ્યા હતા. ભારતીય કૉંગ્રેસની સક્રિયતામાં રાષ્ટ્રીય ભાવનાના નવા એંધાણ દેખાતા હતા.

એમના દાદા, જે પ્રિન્સ દ્વારકાનાથ તરીકે ઓળખાતા હતા, પશ્ચિમના રંગે રંગાયેલા સફળ વ્યવસાયી હતા, વિલાયતમાં ૫૨ વર્ષની વયે અવસાન પામ્યા હતા અને તેમની પાછળ દેવાનો વારસો મૂકતા ગયા હતા.

એમના પિતા, મહર્ષિ દેવેન્દ્રનાથ, ભારતીય પરંપરાના પૂજારી હોવા છતાં બ્રહ્મોસમાજની આધુનિક અને વિપ્લવી વિચારશ્રેણીને હિન્દુત્વના પુનરૂત્થાન માટે અનુસરતા હતા. શૈશવમાં પિતાની સાથે હિમાલયની યાત્રાનો ચિરસ્મરણીય અનુભવ તેમની આત્મકથામાં તેમણે વર્ણવ્યો છે.

તેમનો પરિવાર ધનાઢ્ય જરૂર હતો પણ જાહોજલાલીનો અંત આવ્યો હતો અને કરકસરે જીવનશૈલીમાં પગપેસારો કર્યો હતો.

કાકાઓ અને પિતરાઈઓના સંયુક્ત કુટુંબમાં રહેતા ૧૫ ભાઈ-બહેનોમાં ૧૪મું બાળક હોવા છતાં તે એકાકી બાળક હતા.

ગત જમાનાના આવા દ્વંદ્વ તેમના સંગીત, નાટક અને સાહિત્યિક પ્રવૃત્તિથી ગુંજતા કૌટુંબિક રહેઠાણ – જોરાસાંકોમાં આવતાજતા લોકો અને શાળાની જગા લેતાં શિક્ષકોની વણજાર સાથે ભળી જતાં હતાં. મોટાભાઈ, જ્યોતિરિન્દ્રનાથના પત્ની, કાદંબરીદેવી, તેમની સાહિત્ય અને સંગીતની પ્રવૃત્તિના પ્રેરણાસ્રોત હતા.

ઈ. સ. ૧૮૭૮માં વિલાયત જતા પહેલા સર્વ પ્રથમ ભારતીય આઇ.સી.એસ. અમલદાર, અને તેમના મોટાભાઈ, સત્યેન્દ્રનાથ સાથે અમદાવાદમાં ગાળેલી ગ્રીષ્મ ઋતુમાં ક્ષીણતોયા સાબરમતીના સાંનિધ્યમાં તેમણે પોતાનાં ગીતોને પહેલી વાર સ્વરાંકિત કર્યાં.